# શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર આણંદ કૃષિ યુનિવર્સિટી મોડલ ફાર્મ, વડોદરા ખાતે આઝાદી કા અમૃત મહોત્સ્વ અંતર્ગત "Catch the Rain" વિષય પર ઓનલાઇન વકૃત્વ સ્પર્ધા, પોસ્ટર પ્રેઝન્ટેશન અને ગેસ્ટ લેકચર નો કાર્યક્રમ યોજાયો..

શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, મોડલ ફાર્મ, વડોદરા ખાતે ભારતની આઝાદીના ૭૫ વર્ષ (આઝાદી કા અમૃત મહોત્સ્વ) ની ઉજવણી અંતર્ગત તા.૧૩/૦૮/૨૦૨૧ ના રોજ **Catch the Rain** વિષય પર ઓનલાઇન વકૃત્વ સ્પર્ધા અને પોસ્ટર પ્રેઝન્ટેશન અને વિષય નિષ્ણાતનું ઓનલાઇન ગેસ્ટ લેકચરનો કાર્યક્રમ રાખવામા આવેલ. આ કાર્યક્રમની શરૂઆત એન.એ.એસ.પ્રોગ્રામ ઓફિસર શ્રી.વી.ડી.રાઠવા એ કોલેજ ના આચાર્યશ્રી ડૉ.બી.એચ.પંચાલ તેમજ અન્ય સ્ટાફ અને સર્વે વિદ્યાર્થીઓ નું શાબ્દિક સ્વાગત કરી કરેલ. ત્યાર બાદ કોલેજના આચાર્યશ્રી ડૉ.બી.એચ.પંચાલે વિદ્યાર્થીઓને પાણીની ઉપયોગિતા અને જળસંચય વિષે જાણકારી આપી. વિદ્યાર્થીઓને સદર વિષયને અનુરૂપ વધુમાં વધુ જાણકારી મળે એ હેતુ થી પ્રોફેસર ડૉ. એમ.એલ. ગૌર, બી.એ.કોલેજ ઓફ એગ્રિકલ્ચર,આણંદ કે જેઓ **Soil & water conservation Engg.** વિષય નિષ્ણાત છે તેમણે **"Catch the Rain"** વિષય પર પોતાનું એક કલાકનું વ્યાખ્યાન આપેલ. જેમાં પાણીનો સંગ્રહ કરવા માટે ની વિવિધ પદ્ધતિઓ, ઉપયોગિતા તેમજ હાલની અને આવનારા વર્ષોની જળ પરિસ્થિતી અંગેની ખૂબ જ ઊંડાણ પૂર્વક રસપ્રદ અને ઉપયોગી માહિતી આપેલ.

સદર કાર્યક્રમાં ઓનલાઇન પોસ્ટર પ્રેઝન્ટેશન નું પણ આયોજન કરવામાં આવેલ. જેમાં અત્રેની કોલેજના કુલ ૨૧ વિદ્યાર્થીઓ ખૂબ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ છે. જેમાં વિદ્યાર્થીઓ પોતે બનાવેલ પોસ્ટર નું પ્રેઝન્ટેશન કરેલ. તેમજ ઓનલાઇન વકૃત્વ સ્પર્ધામાં કુલ ૧૦ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ. જેમાં વિદ્યાર્થીઓ વિવિધ મુદાઓ પર પોતાનું મંતવ્ય આપેલ. વિધાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે અત્રેની કોલેજની બનેલી કમિટીએ પોસ્ટર પ્રેઝન્ટેશન અને વકૃત્વ સ્પર્ધાનું મૂલ્યાંકન કરી પ્રથમ, દ્વિતીય અને તૃતીય રેન્ક આપી પસંદગી કરેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ.

વધુમાં આઝાદી કા અમૃત મહોત્સ્વ ના ઉજવણીના ભાગ રૂપે કોલેજ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.. જેમાં બાગાયત પોલિટેકનિકના સર્વે કર્મચારીશ્રીઓએ તેમજ પોલિટેકનિક ના સર્વે શ્રમજીવીઓએ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લીધેલ હતો. આશરે ૩૫ જેટલા જુદા જુદા સુશોભન તેમજ વનવૃક્ષોની રોપણી કરવામાં આવી હતી તથા તેની માવજત કરી ઉછેરવાની- સર્વેએ પ્રતિજ્ઞા લીધેલી. અંતે શ્રી.વી.ડી.રાઠવા, પ્રોગ્રામ ઓફિસર, એન.એન.એસ.એ કાર્યક્રમને સફળ બનાવવા બદલ સર્વે કર્મચારીશ્રીઓએ અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરેલ હતો.






## વિદ્યાર્થીઓનું પોસ્ટર પ્રેઝન્ટેશન







## વકૃત્વ સ્પર્ધા





## વિષય નિષ્ણાંત ડૉ. એમ. એલ. ગૌરનું વ્યાખ્યાન







Dr. M. L. Gaur is presenting
Level of Ground Water Development in Gujarat
PANCHAL HARI...
VIJAYKUMAR
Parth Viradiya
Vimleshkumar ...
Anas Vohra
Netra Nayan
Priyanka Vaghe...
rishi desai
23 others
You
4:43 PM | izd-eobi-usm
Type here to search


Dr. M. L. Gaur is presenting
CAN WE START A 100 DAY CAMPAIGN RIGHT AWAY ...
PANCHAL HARI...
VIJAYKUMAR
Parth Viradiya
Vimleshkumar ...
Anas Vohra
Netra Nayan
Priyanka Vaghe...
rishi desai
22 others
You
4:30 PM | izd-eobi-usm
Type here to search

## વૃક્ષારોપણ


વન મહોત્સવ

